રજૂ તારીખ : ૨૭/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૭/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૧.
આંક : .

**મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૭૧/૨૦૨૬.**

**અરજદાર :–** **અશોકભાઈ ભીખાભાઈ પટેલ,**
રહેવાસી : ગુંડી ફળીયું, કુંભારીયા,
તાલુકો : ચોર્યાસી, જીલ્લો : સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

==================================================

**અરજદાર તરફે વિ. વકીલ શ્રી એ. એમ. ભાઠેના.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) આ કામના અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, બારડોલી ટાઉન પોલિસ સ્ટેશન એમ. કેસ નંબર : ૧૧૨૧૪૦૦૮૨૬–૦૧૨૫/૨૦૨૬, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) મુજબના ગુનાના કામે પોલિસ ધરપકડ કરે તેવી વાજબી દહેશત હોવાથી અરજદારે આગોતરા જામીન મેળવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિ. વકીલ શ્રી એ. એમ. ભાઠેનાની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. હાલના ગુના સાથે અરજદારને કશી લેવાદેવા નથી. અરજદારે ફરિયાદીને લાલચ આપેલ નથી, ગુનાહિત વિશ્વાસઘાત કરેલ નથી, અપ્રમાણિકપણે મિલકતનો ઉપયોગ કરેલ નથી, કોઇ ખોટાં દસ્તાવેજો બનાવેલ નથી. અરજદાર સામે ફકત વિલમાં સાક્ષી તરીકે સહી કરવા સંબંધેનો આક્ષેપ છે. હાલના કામે અરજદારે કોઇ આર્થિક લાભ મેળવેલ નથી. સદર વિલ નોટરાઇઝડ થયેલ ત્યારે ફરિયાદીના પિતા નોટરી સમક્ષ હાજર હતા અને સહી કરેલ. ફરિયાદીની ખોટી સહી કરવામાં આવેલ હોવાનો કોઇ આક્ષેપ નથી. અરજદારે ફરિયાદીના પિતાની મિલકતમાંથી કોઇ લાભ મેળવેલ નથી. અરજદાર સાથે કોઇ નાણાંકીય વ્યવહાર પણ કરવામાં આવેલ નથી. હાલનો કેસ દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધારિત છે. સદર ગુનાની તપાસ દરમ્યાન તમામ દસ્તાવેજો પોલિસ દ્વારા કબજે કરવામાં આવેલ છે. હાલની ફરિયાદ અગિયાર વર્ષના બનાવ સંબંધે આપવામાં આવેલ છે અને દીવાની તકરારને ખોટી રીતે ફોજદારી સ્વરૂપ આપવામાં આવેલ છે. અરજદાર સામે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. જો પોલિસ અરજદારને અટક કરે તો તેઓની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. સદર કામે અરજદારના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની કોઇ જરૂર જણાતી નથી. અરજદાર સુરત શહેરના કાયમી રહેવાસી છે. અરજદાર ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. સહઆરોપીઓએ ફરિયાદીના

પિતાની જંગમ મિલકત પચાવી પાડવા ખોટું વિલ બનાવેલ, જે વિલમાં હાલના અરજદારે સાક્ષી તરીકે સહી કરેલ અને ફરિયાદીના પિતાના બેંક ખાતામાં રૂા.૩૪,૦૦,૦૦૦/– હતા, જેમાંથી રૂા.૫,૦૦,૦૦૦/– જેટલી રકમ ફરિયાદીના પિતાને ટ્રાન્સફર કરેલ અને બાકીની રકમ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ખોટા વિલના આધારે ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરેલ. આ ઊપરાંત, ફરિયાદીના પિતાના નામનો બોગસ જનરલ પાવર ઓફ એટોર્ની બનાવી સહઆરોપી હેમલતાબેન પટેલે એલ.આઇ.સી.ની પોલીસીમાં ખોટી રીતે નોમિની તરીકે પોતાનું નામ લખાવી સહઆરોપી મહેશભાઇ પટેલે તથા હેમલતાબેન પટેલે નાણાં ઉપાડી લીધેલ. હાલનો ગુનો આરોપીઓએ એકબીજાની મદદગારીમાં પાર પાડેલ છે અને હાલના અરજદારે બોગસ વિલમાં સાક્ષી તરીકે સહી કરેલ, તે રીતે અરજદારે ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. અરજદારના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની આ કામે જરૂરિયાત છે. જો અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ પુરાવા સાથે ચેડાં કરે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) આમ, ઉપર મુજબની અરજદારના વિ. વકીલશ્રીની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદાર તરફે રજૂ થયેલ એફીડેવીટ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૫) આ કામના અરજદાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે, ફરિયાદીના પિતાજી વિદેશથી ભારત આવેલા ત્યારે આરોપી નંબર : ૧ થી ૩ નાઓ ફરિયાદીના પિતાને પોતાના ઘરે અવારનવાર લઇ ગયેલા, મિલકત પચાવી પાડવા માટે મીઠી મીઠી વાતો કરેલ, ખોટું વિલ બનાવી તેમાં ફરિયાદીના પિતાની ખોટી સહી–અંગુઠા કરી–કરાવી, વિલ નોટરાઇઝડ કરાવેલ, સહઆરોપી હેમલતાબેનના નામે જંગમ મિલકત કરાવી લેવા તજવીજ કરેલ, ફરિયાદીના પિતાના બેંક ખાતામાં રૂા.૩૪,૦૦,૦૦૦/– હતા, જેમાંથી રૂા.૫,૦૦,૦૦૦/– જેટલી રકમ

ફરિયાદીના પિતાને ટ્રાન્સફર કરી બાકીની રકમ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ખોટાં વિલના આધારે ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરેલ. આ ઊપરાંત, ફરિયાદીના પિતાના નામનો બોગસ જનરલ પાવર ઓફ એટોર્ની બનાવેલ, જેમાં ફરિયાદીના પિતાની ખોટી સહી કરવામાં આવેલ. સહઆરોપી હેમલતાબેન પટેલે એલ.આઈ.સી.ની પોલીસીમાં ખોટી રીતે નોમિની તરીકે પોતાનું નામ લખાવેલ અને ફરિયાદીના પિતાની સંમતિ વગર સહઆરોપી મહેશભાઈ પટેલે તથા હેમલતાબેન પટેલે નાણાં ઉપાડી લીધેલ. ફરિયાદીની વિગત છે કે, ફરિયાદીના પિતા પાંચ વર્ષના હતા ત્યારથી ન્યૂઝીલેન્ડમાં રહેતા હતા અને તેઓ ગુજરાતી લખતા–વાંચતા આવડતું ન હતું. ફરિયાદીના પિતા વખતોવખત ભારત આવતા હતા. બનાવ સમયે ફરિયાદીના પિતાનું મોતીયાનું ઓપરેશન થયેલ હોવાથી તેઓને આંખે ઓછુ દેખાતુ હતું, જેબાબતનો આરોપીઓએ ગેરલાભ લઈ મિલકત પચાવી પાડવા માટે ખોટું વિલ બનાવી તેમાં ફરિયાદીના પિતાની ખોટી સહી–અંગુઠા કરાવેલ. કોર્ટે ફરિયાદીના પિતાને વિડિયો કોન્ફરન્સથી ઝૂમ પ્લેટફોર્મ પર નામ. ડિસ્ટ્રિક કોર્ટ માર્ફત જોડી અરજી સબબ પૂછપરછ કરેલ છે, જેનો તેઓએ ગુજરાતી ભાષામાં જવાબ આપેલ છે. વધુમાં એફ.આઈ.આર. જોતાં ગુનો બન્યાનો સમયગાળો તારીખ : ૨૫/૦૩/૨૦૧૪ ના રોજ ૧૧:૦૦ થી તારીખ : ૧૫/૦૩/૨૦૧૯ ના રોજ ૨૪:૦૦ સુધીનો દર્શાવેલ છે, જયારે સદર કામની એફ.આઈ.આર. તારીખ : ૧૩/૦૨/૨૦૨૬ ના રોજ નોંધવામાં આવેલ છે. વધુમાં ફરિયાદ અનિતાબેન જયંતિભાઈ પટેલ, ઉંમર ૫૪ વર્ષ, રહેવાસી : ન્યૂઝીલેન્ડ દ્વારા તેમના પિતા જયંતિલાલ છીતારામ પટેલ, ઉંમર ૮૩ વર્ષ, રહેવાસી : ઓસ્ટ્રેલિયા સાથે થયેલ બનાવ બાબતની છે. ફરિયાદી તેમની માતા સાથે ન્યૂઝીલેન્ડ રહે છે, જયારે તેમના પિતા ઓસ્ટ્રેલિયા રહે છે. હાલમાં જયંતિલાલ છીતારામ પટેલ હયાત છે, તેથી તારીખ : ૧૫/૦૩/૨૦૧૯ ના રોજના તેઓના નોટરાઈઝડ વિલના દુરૂપયોગનું કોઈ કારણ રહેતું નથી. ઈન્સ્યોરન્સના નોમિનીનું પણ હાલમાં મહત્વ રહેતું નથી. ફરિયાદીની જે પણ રજૂઆત અને આક્ષેપો છે તે પુરાવા લીધાં વગર હાલના તબકકે માની શકાય તેવા નથી. સંપૂર્ણ ઘટનાક્રમ જોતાં, કેસની છણાવટ કરી પુરાવાનું વિશ્લેષણ કરવા કરતાં, આરોપીને કડક શરતોને આધિન આગોતરા જામીન ઉપર મુકત

કરવાનું મુનાસીબ અને ન્યાયોચિત જણાય છે. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદારની પૂછપરછની જરૂર પડે તો કાયદાકીય પ્રક્રિયાથી તે થઇ શકે તેમ છે. અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓની ઇન્સાફી કાર્યવાહી વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલત દ્વારા ટ્રાયેબલ છે. અરજદાર સામેના આક્ષેપો જોતાં તેમને કસ્ટડીમાં લેવાનું કાંઇ ઔચિત્ય જણાતું નથી. અરજદાર સુરત શહેરના કાયમી રહીશ છે. તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં અરજદાર સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની કોઇ હકીકત જણાઇ આવતી નથી, એટલે કે અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા આરોપી વિરૂદ્ધનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા, ગુનાના કામે આરોપીની ભૂમિકા, કેસની વિગતોને ધ્યાને લેતાં તથા ૨૦૧૧(૧) જી.એલ.એચ., પાના નંબર : ૧૧, સિદ્ધરામ મ્હેત્રે વિરૂદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિદ્ધાંતોને ધ્યાને લેતાં હાલના અરજદારને આગોતરા જામીનની સવલત ફાળવી આપવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર/આરોપી અશોકભાઇ ભીખાભાઇ પટેલની ફોજ. પરચુ. આગોતરા જામીન અરજી નંબર : ૧૭૧/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) જો અરજદાર/આરોપીની બારડોલી ટાઉન પોલિસ સ્ટેશન એમ. કેસ નંબર : ૧૧૨૧૪૦૦૮૨૬૦૧૨૫/૨૦૨૬, ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) મુજબના ગુનાના કામે ધરપકડ કરવાનો પ્રસંગ ઊપસ્થિત થાય તો અરજદાર તરફથી રૂા.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરાના એક એવા બે જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવામાં આવ્યેથી તેઓને તાત્કાલિક જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે અને અરજદારે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

**-:: શ ર તો ::-**

(૧) અરજદારે તારીખ : ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ સંબંધિત પોલિસ સ્ટેશનમાં તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર થવું અને ત્યાર બાદ તપાસ કરનાર અમલદાર અરજદારને જ્યારે બોલાવશે ત્યારે અરજદારે હાજર રહેવું અને તપાસનાં કામે સહકાર આપવો.

(૨) અરજદારે આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહીં.

(૩) જો અરજદાર પાસપોર્ટ ધરાવતાં હોય તો તપાસનીશ અધિકારી સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેની એફીડેવીટ રજૂ કરવી.

(૪) અરજદારે ફરિયાદપક્ષનાં સાહેદોને કોઇ ધાક ધમકી, દાબદબાણ કે લાલચ આપવા નહીં કે ફોડવાનો કોઇ પ્રયત્ન કરવો નહીં.

(૫) અરજદારે તેઓની સામેના કેસની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન ટ્રાયલ અદાલતમાં નિયમિતપણે હાજર રહેવું.

(૬) અરજદારે જામીન ઉપર છૂટતી વખતે તપાસ કરનાર અમલદાર રૂબરૂ પોતાનું કાયમી તથા હાલના રહેઠાણનું સરનામું પૂરું પાડવું અને જો સરનામામાં ફેરફાર થાય તો તેની લેખિતમાં જાણ કરવી.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૯ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૯/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582